આંક–૧ નીચે હુકમ :– ક્રિ.કેસ નં.૬૪૨૨૮/૧૯

૧) આ કામમાં દાણીલીમડા/બાપુનગર પોલીસ સ્ટેશન વ્દ્રારા આરોપી વિરુધ્ધ ધી જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેઓને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિનામુલ્યે આપવામાં આવેલ છે. આરોપી તરફે સ્પેશીયલ સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓને સ્પેશીયલ શીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ વ્દ્રારા ગુના કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ધી જુગાર ધારા કલમ–૧૨(અ) ના ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૨) સજા બાબતે આરોપીને સાંભળતા, આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરે છે અને તે ગરીબ વ્યકિત છે અને તેનો આ પ્રથમવારનો પ્રથમ ગુનો છે જેથી તેમને યોગ્ય દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈ ધ્યાનમાં લેતાં નીચે મુજબ હુકમ કરું છું.

– ૦ <u>હુકમ</u> ૦ –

આરોપીને ધી જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબના ગુના માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા. ૧૦૦/–(અંકે રુપીયા એકસો) પુરા દંડ કરવામાં આવે છે, જો દંડ ના ભરે તો અરોપીને ૧ દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૪–૧૨–૨૦૧૯

(એ.એચ.મુન્દ્રા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪,અમદાવાદ.
GJ-01010